ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

# સહકાર

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

2025 International Year of Cooperatives



ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com



Accredited by NABARD, C-PEC (BIRD), Lucknow as Centre for Professional Excellence in Cooperatives.

સંપાદક મંડળ: ઘનશ્યામભાઈ એચ. અમીન ▪ ભીખાભાઈ ઝ. પટેલ ▪ તંત્રીઃ ડો. રાજેન્દ્ર સી. ત્રિવેદી ▪ વર્ષ: 73 ▪ અંક: 21 ▪ તારીખ: 5, ફેબ્રુઆરી, 2026 ▪ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ▪ કિંમત રૂ. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and Ahmedabad Unaccountable L1 on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.


### અટલ પેન્શન યોજનાને 2030-31 સુધી કેબિનેટની મંજૂરી

## સહકારી બેંકોની સક્રિય ભૂમિકાથી અટલ પેન્શન યોજના વિકસિત ભારત @2047માં મહત્વની ભૂમિકા ભજવશે

નવી દિલ્હી : ભારતના અસંગઠિત અને ઓછા આવકવાળા કામદારો માટે સામાજિક સુરક્ષા વધુ મજબૂત બનાવવાના હેતુથી કેન્દ્રીય મંત્રીમંડળે અટલ પેન્શન યોજના (APY)ને નાણાકીય વર્ષ 2030-31 સુધી ચાલુ રાખવાની મંજૂરી આપી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં લેવાયેલા આ નિર્ણય હેઠળ યોજનાના પ્રચારાત્મક, વિકાસાત્મક કાર્યો તેમજ તેની આર્થિક ટકાઉપણાં માટે સરકારની નાણાકીય સહાય પણ વધારવામાં આવી છે.

મે, 2015માં શરૂ થયેલી અટલ પેન્શન યોજના અંતર્ગત લાભાર્થીઓને 60 વર્ષની ઉંમર બાદ રૂ. 1,000થી રૂ. 5,000 સુધીનું સરકાર દ્વારા માસિક પેન્શન મળે છે. યોજનાનું સંચાલન પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA) દ્વારા કરવામાં આવે છે અને બેંકો તથા ડિપાર્ટમેન્ટ ઓફ પોસ્ટ્સ મારફતે અમલમાં મૂકવામાં આવેલ છે.

તાજેતરના આંકડાઓ મુજબ, APY હેઠળ નોંધણી 8.34 કરોડને પાર કરી ચૂકી છે, જેમાં યુવાનો અને મહિલાઓની ભાગીદારી નોંધપાત્ર રહી છે. જાગૃતિ અભિયાનો, ડિજિટલ પ્લેટફોર્મ અને રાજ્ય સ્તરની બેન્કિંગ સમિતિઓ સાથેના સહકારથી આ યોજનાની પહોંચમાં નોંધપાત્ર વધારો થયો છે.

આ વૃદ્ધિમાં સહકારી બેંકોની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ રહી છે. ગ્રામીણ અને



અર્ધ-શહેરી વિસ્તારોમાં તેમની મજબૂત ઉપસ્થિતિ અને સ્થાનિક સમુદાયો સાથેના વિશ્વાસભર્યા સંબંધોને કારણે ખેડૂતો, કારીગરો, સ્વરોજગાર ધરાવતા લોકો અને નાના વેપારીઓ સુધી યોજનાનો લાભ પહોંચ્યો છે. અનેક સહકારી બેંકો દ્વારા APY નોંધણીના લક્ષ્યાંકોને 100 ટકા કરતાં વધુ પાર કરવામાં આવ્યા છે.

PFRDA દ્વારા સહકારી બેન્કિંગ ક્ષેત્રના યોગદાનની પ્રશંસા કરવામાં આવી છે અને જણાવ્યું છે કે આ સંસ્થાઓ એવા વિસ્તારોમાં પણ નાણાકીય સમાવેશ સુનિશ્ચિત કરી રહી છે જ્યાં પરંપરાગત બેન્કિંગ વ્યવસ્થા માટે પડકારો વધુ હોય છે.

કેબિનેટના આ નિર્ણય અને સહકારી બેંકોના સતત પ્રયાસો સાથે, અટલ પેન્શન યોજના 'વિકસિત ભારત @2047'ના દૃષ્ટિકોણને સાકાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતી રહેશે અને દેશના કરોડો નાગરિકોને વૃદ્ધાવસ્થાની આવક સુરક્ષા પ્રદાન કરશે.

### "આત્મનિર્ભર ભારત માટે સહકારી ક્ષેત્ર શ્રેષ્ઠ માધ્યમ છે" યુવા મહિલા સહકારી સેમિનાર – 2026

## શિક્ષિત યુવાનો, મહિલાઓએ સહકારી પ્રવૃત્તિ સાથે જોડાઈને સશક્ત થવું જોઈએ : શ્રી ઘનશ્યામભાઈ અમીન





અમદાવાદ : ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદના ઉપક્રમે રાજ્યની જુદી જુદી કૉલજોમાં અભ્યાસ કરતી યુવા બહેનો માટે આંતરરાષ્ટ્રિય સહકારિતા વર્ષ – 2025 નિમિત્તે સહકારી ક્ષેત્રે યુવા મહિલાઓની ભાગીદારી વધે તે માટે "આત્મનિર્ભર ભારત માટે સહકારી ક્ષેત્ર શ્રેષ્ઠ માધ્યમ છે" વિષય વસ્તુને ધ્યાનમાં રાખી યુવા મહિલા સેમિનાર - 2026નું આયોજન તારીખ 19/01/2026ના રોજ ટાગોર હોલ પાલડી, અમદાવાદ ખાતે રાષ્ટ્રીય સહકારી આગેવાન અને રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ અમીનના પ્રમુખ સ્થાને યોજવામાં આવ્યો હતો.

આ સેમિનારનું દીપ પ્રગટાવી ઉદ્દઘાટન કરી યુવા મહિલા સેમિનાર યોજવા બદલ રાજ્ય સંઘને અભિનંદન પાઠવતાં પારૂલ યુનિવર્સિટી, વડોદરાના



## "મોટા ધ્યેય સાથે વિદ્યાર્થિનીઓએ આગળ વધવું જોઈએ" : શ્રી સવજીભાઈ ધોળકીયા

વાઈસ ચાન્સેલરશ્રી ડૉ. પારૂલબેન પટેલે સહકાર એટલે શું? સહકાર દ્વારા જીવન ધોરણ કેવી રીતે બદલી શકાય છે તે અંગે તેમની યુનિવર્સિટીમાં ચલાવવામાં આવતી સહકારી પ્રવૃત્તિનું ઉદાહરણ આપતા જણાવ્યું હતું કે, સહકારી ક્ષેત્ર ખૂબ વિશાળ ક્ષેત્ર છે. તેની સાથે જોડાવવા માટે સહકારી પ્રવૃત્તિનું ઉંડાણપૂર્વકનું જ્ઞાન મેળવવું જોઈએ. બહેનો ભણી ગણીને મોટા થવાનું છે, માત્ર ભણીને નહીં. સારા સંસ્કાર હશે તો સમાજને ઉપયોગી થશો.

સેમિનારના પ્રમુખસ્થાનેથી રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષ અને રાષ્ટ્રીય સહકારી આગેવાનશ્રી ઘનશ્યામભાઈ અમીને સેમિનારની પ્રાસંગિકતા અને આંતરાષ્ટ્રિય સહકારી વર્ષની સમજ આપી જણાવ્યું હતું કે, વિશ્વમાં 118 દેશોમાં સહકારી પ્રવૃત્તિ ચાલી રહી છે. સહકારી પ્રવૃત્તિનો દિવસે દિવસે વિકાસ થઈ રહ્યો છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ (યુનો) એ 2025ના વર્ષને પણ આંતરરાષ્ટ્રિય સહકારિતા વર્ષ તરીકે ઉજવવાનું જાહેર કર્યું છે. તેની વિષયવસ્તુ "કો-ઓપરેટિવ બિલ્ડ ધ બેટર વર્લ્ડ" નક્કી કર્યું છે. ભારતના લોક લાડીલા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકારે સમૃદ્ધિનું સૂત્ર આપી સહકાર મંત્રાલયની રચના કરી અને મંત્રાલયની કમાન શ્રી અમિતભાઈ શાહને સોંપી છે. સહકારી પ્રવૃત્તિને મહત્વ આપ્યું છે. આમ જ્યારે યુનો અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સહકારી માળખાને આટલું મહત્વ આપ્યું હોય ત્યારે યુવા મહિલા જગત તેનાથી અજાણ રહે તે કેવી રીતે ચાલે ? દરેક વિદ્યાર્થિનીએ સહકારી પ્રવૃત્તિ શું છે ? કેવી રીતે ચાલે છે. તથા તેઓ આ ક્ષેત્રે પોતાનું કેરિયર કેવી રીતે બનાવી શકે તેનું માર્ગદર્શન મેળવવું ખૂબ જરૂરી છે.

વિવિધ સફળ સહકારી સંસ્થાઓના ઉદાહરણ આપી કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને સહકારી ક્ષેત્રે જોડાવા અપીલ કરતાં શ્રી અમીને જણાવ્યું હતું કે, નાત, જાત અને અમીર ગરીબના ભેદભાવ દૂર કરી સહકારી પ્રવૃત્તિ દ્વારા શોષણ વિહિન સમાજ રચના થાય છે. આ સહકારી ક્ષેત્ર રોજગારી માટે મોટું ક્ષેત્ર છે, કોલેજના વર્ષો કેરિયરના વર્ષો હોય છે. ડિગ્રી મેળવ્યા પછી શું કરવું ? તે સૌથી મોટો પ્રશ્ન છે, બધા જ શિક્ષિત યુવાનોને નોકરી મળતી નથી ત્યારે તેમણે સહકારી પ્રવૃત્તિ સાથે જોડાઈને રોજગારીના નવા દ્વાર ખોલવા જોઈએ. સહકારી પ્રવૃત્તિમાં તમે માલિક બનો છો. એટલે સહકારી પ્રવૃત્તિ વિશે સંપૂર્ણ જ્ઞાન મેળવી, તેને સમજી, વિચારીને વિદ્યાર્થિનીઓએ ભેગી મળી સહકારી મંડળીની રચના કરી આર્થિક ઉપાર્જન કરવું જોઈએ. સહકારથી સમૃદ્ધિના સૂત્રને સાર્થક કરી આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવું જોઈએ.


અનુસંધાન પાના નંબર : 2


### સહકારનો કરિશ્મા: 6.6 લાખ કાર્યરત સહકારી સંસ્થાઓ, 32 કરોડ સભ્યો

## PACSથી વૈશ્વિક બજારો સુધી સહકારી ક્ષેત્ર દ્વારા સમાવેશક વિકાસને ગતિ

નવી દિલ્હી : આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ 2025માં પ્રવેશ સાથે ભારતના સહકારી આંદોલને એક મહત્વપૂર્ણ વર્ષ નોંધાવ્યું છે, જેમાં સંગઠન, વિસ્તરણ અને સુધારાઓ દ્વારા સમુદાય આધારિત અને સમાવેશક વિકાસ પ્રત્યે દેશની પ્રતિબદ્ધતા ફરી એકવાર મજબૂત બની છે.

'વસુધૈવ કુટુંબકમ'ની નાગરિક સંસ્કૃતિની વિચારધારા અને 'સહકાર સે સમૃદ્ધિ'ના દ્રષ્ટિકોણથી પ્રેરિત, સહકારી સંસ્થાઓ આજે ભારતની ગ્રામીણ અર્થવ્યવસ્થા, સામાજિક સમાવેશ અને ગ્રાસરૂટ સ્તરે સેવા પ્રદાનના કેન્દ્રમાં ઉભરી આવી છે.

નેશનલ કો-ઓપરેટિવ ડેટાબેઝ મુજબ, દેશમાં હાલ 8.5 લાખથી વધુ નોંધાયેલ સહકારી સંસ્થાઓ છે, જેમાંથી આશરે 6.6 લાખ કાર્યરત છે. આ સહકારી સંસ્થાઓ વિવિધ 30 ક્ષેત્રોમાં ફેલાયેલી છે અને લગભગ 32 કરોડ સભ્યોને સેવા આપે છે, જેના દ્વારા ભારતના લગભગ સમગ્ર ગ્રામીણ પરિદૃશ્યને આવરી લેવામાં આવ્યું છે.

આ વિકાસની એક મહત્વપૂર્ણ વિશેષતા મહિલાઓની વધતી ભાગીદારી રહી છે. સ્વ-સહાય જૂથો અને સંબંધિત સંસ્થાઓ મારફતે લગભગ 10 કરોડ મહિલાઓ સહકારી આંદોલન સાથે જોડાઈ છે. કૃષિ, ડેરી, માછીમારીથી લઈને બેંકિંગ, આવાસ અને રિટેલ સેવાઓ સુધી, સહકારી ક્ષેત્ર આજે વિશ્વના સૌથી મોટા સંસ્થાગત આર્થિક નેટવર્ક્સમાંનું એક બની ગયું છે.

વર્ષ દરમિયાન પ્રાથમિક કૃષિ ઋણ સહકારી મંડળીઓ (PACS)ના પુનર્જીવન પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો, જે ગ્રામીણ ધિરાણ વ્યવસ્થાનો આધારસ્તંભ છે. મોટાભાગના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં અપનાવવામાં આવેલા નવા મોડેલ બાયલોઝના પરિણામે PACSને 25થી વધુ વ્યવસાયિક પ્રવૃત્તિઓ કરવાની સક્ષમતા મળી છે, સભ્યતા વિસ્તરી છે અને પારદર્શિતા તથા ગવર્નન્સમાં સુધારો થયો છે.

ડિજિટલ પરિવર્તનથી આ સુધારાઓને વધુ વેગ મળ્યો છે. રાષ્ટ્રીય કમ્પ્યુટરાઈઝેશન કાર્યક્રમ અંતર્ગત 79,000થી વધુ PACSને સામાન્ય ERP આધારિત પ્લેટફોર્મ સાથે જોડવાની મંજૂરી આપવામાં આવી છે. અત્યાર સુધીમાં 59,000થી વધુ PACS ERP સોફ્ટવેરનો ઉપયોગ કરી રહી છે, 65,000થી વધુ સંસ્થાઓને હાર્ડવેર ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે, 42,000થી વધુમાં ઓનલાઈન



ઓડિટ પૂર્ણ થઈ છે અને 32,000થી વધુ PACS સંપૂર્ણ રીતે e-PACS તરીકે સક્રિય થઈ છે. આ સુધારાઓથી અગાઉ કાગળ આધારિત રહેલી સંસ્થાઓમાં ઝડપ, જવાબદારી અને રિયલ-ટાઈમ નાણાકીય અહેવાલ શક્ય બન્યા છે.

દરેક પંચાયત અને ગામ સુધી સહકારી પહોંચ સુનિશ્ચિત કરવા માટે 32,000થી વધુ નવી બહુહેતુક PACS, ડેરી અને માછીમારી સહકારી મંડળીઓ નોંધાઈ છે. PACS હવે બહુવિધ સેવા કેન્દ્રો તરીકે કાર્ય કરી રહી છે અને સરકારી ફ્લેગશિપ યોજનાઓ સાથે સંકલિત બની છે. હજારો PACSને પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્ર, કોમન સર્વિસ સેન્ટર, જનઔષધિ કેન્દ્ર, ઈંધણ રિટેલ આઉટલેટ અને જળ વ્યવસ્થાપન સમિતિઓમાં રૂપાંતરિત કરવામાં આવી છે, જેના દ્વારા સ્થાનિક સ્તરે સેવાઓ અને આવકના અવસરો વધ્યા છે.

બજાર પહોંચ અને મૂલ્ય શ્રેણી સંકલન માટે ખેડૂત ઉત્પાદક સંસ્થાઓ (FPOs) અને માછીમાર ઉત્પાદક સંસ્થાઓ (FFPOs) પર પણ નવેસરથી ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. નાણાકીય સહાય સાથે હજારો FPOs અને FFPOsનું રચનાત્મક સશક્તિકરણ કરવામાં આવ્યું છે, જેથી ખેડૂતો અને માછીમારોને બજાર, પ્રોસેસિંગ સુવિધા અને સંસ્થાગત ધિરાણ ઉપલબ્ધ બને. સાથે જ સહકારી બેંકો મારફતે રૂ-પે કિસાન ક્રેડિટ કાર્ડની પાયલટ યોજના ગામ સ્તરે પ્રવાહિતા અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપી રહી છે.

સહકારી ક્ષેત્રમાં વિશ્વની સૌથી મોટી વિકેન્દ્રિત અનાજ સંગ્રહ યોજના પણ અમલમાં આવી છે. અત્યાર સુધીમાં 100થી વધુ PACSમાં ગોડાઉનો પૂર્ણ થઈ ચૂક્યા છે, જેના દ્વારા 68,000 મેટ્રિક ટનથી વધુ સંગ્રહ ક્ષમતા સર્જાઈ છે અને આ મોડેલને હવે તમામ સહકારી સંસ્થાઓ સુધી વિસ્તરાવવામાં આવ્યો છે. વ્હાઈટ રેવોલ્યુશન 2.0 અંતર્ગત 20,000થી વધુ નવી ડેરી સહકારી સંસ્થાઓ નોંધાઈ છે, જેના દ્વારા દૂધ


અનુસંધાન પાના નંબર : 2


## ગુજરાત નેશનલ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં પાંચમી વખત 'બેસ્ટ પરફોર્મર સ્ટેટ'બન્યું

### મુખ્યમંત્રી સહિત સમગ્ર કેબિનેટે રાજ્યના ઉદ્યોગ સાહસિકો તથા વહીવટીતંત્રને અભિનંદન પાઠવ્યા

ગાંધીનગર : ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજ્ય મંત્રીમંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં ચર્ચાયેલા વિષયો અંગે પ્રવકતા મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની ઉદ્યોગ સાહસિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતી નીતિઓના પરિણામે ગુજરાતને નેશનલ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં પાંચમી વખત 'બેસ્ટ પરફોર્મર સ્ટેટ'નો દરજ્જો મળ્યો છે. આ એવોર્ડ વર્ષ 2024માં સ્ટાર્ટઅપ ક્ષેત્રે રાજ્ય સરકારે કરેલી ઉત્કૃષ્ટ કામગીરી બદલ એનાયત કરવામાં આવ્યો છે.

આ અગાઉ પણ ગુજરાતને ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટર્નલ ટ્રેડ ભારત સરકાર દ્વારા આયોજિત સ્ટેટ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં વર્ષ 2018, 2019, 2020 અને 2022 માટે એમ કુલ ચાર વાર 'બેસ્ટ પરફોર્મર સ્ટેટ' તરીકે માન્યતા



પ્રાપ્ત થઈ છે. ગુજરાતની આ સિધ્ધિ બદલ મુખ્યમંત્રી સહિત સમગ્ર કેબિનેટે આજે રાજ્યના ઉદ્યોગ સાહસિકો તથા વહીવટી તંત્રને અભિનંદન પાઠવ્યા હતા.

વધુમાં માહિતી આપતા પ્રવકતા મંત્રીશ્રીએ કહ્યુ હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે જ નરેન્દ્રભાઈ મોદીએ સ્ટાર્ટઅપ્સને વેગ આપવા વિશેષ પહેલ કરી રાજ્યમાં 'સ્ટાર્ટઅપ પોલિસી' અમલમાં મૂકી હતી. દેશના વડાપ્રધાન તરીકેનું પદ સંભાળ્યા બાદ વૈશ્વિકસ્તરે સ્પર્ધાત્મક સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમના નિર્માણ માટે નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની જ તર્જ પર સમગ્ર દેશ માટે 'રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ ઈન્ડિયા મિશન'નો 2016માં પ્રારંભ કરાવ્યો હતો. મિશન અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા યુવાનોના વિચારોને ઉદ્યોગોમાં પરિવર્તિત કરવા માટે અનેક મહત્વપૂર્ણ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

# ગ્રામીણ મહિલા બચત અને ધિરાણ સહકારી મંડળીઓની રાજ્ય સ્તરીય કાર્યશાળા (સેમિનાર)

ગોધરા : રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણ યોજના મુજબ આંતરરાષ્ટ્રિય સહકારી વર્ષ – 2025 અંતર્ગત પંચમહાલ જિલ્લા સહકારી સંઘ, ગોધરા તથા પાનમ મહિલા કો-ઓપ. ક્રેડિટ સોસા. લિ, અને આનંદી સંસ્થાના સંયુકત ઉપક્રમે ગ્રામીણ મહિલા બચત અને ધિરાણ સહકારી મંડળીઓની રાજ્ય સ્તરીય કાર્યશાળા - સેમિનાર તારીખ 11/12/2025 ના રોજ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં સહકારી મંડળીઓ પંચમહાલ જિલ્લાના રજિસ્ટ્રારશ્રી ડી.કે. ખેર તથા જિલ્લા સંઘના માનદમંત્રી શ્રી કિરીટભાઈ જોષી, ડિરેકટર શ્રી માધુસિંહ ચૌહાણ, તથા નાબાર્ડના ડિસ્ટ્રિકટ ડેવલોપમેન્ટ ઓફિસરશ્રી, આનંદી સંસ્થાના પ્રતિનિધિશ્રીઓ તથા પંચમહાલ જિલ્લા સહકારી સંઘની મહિલા સહકાર સમિતિના સભ્યશ્રીઓ તથા જિલ્લા સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રીમતી પારૂલબેન ડી.સોલંકી ઉપસ્થિત રહ્યાં હતા.

આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના 9 જિલ્લાના 20 જેટલા તાલુકામાંથી જુદી જુદી 10 જેટલી મહિલા કો-ઓપ.મંડળી ઓમાંથી બહેનો સહભાગી થઈ હતી.

આ કાર્યશાળામાં મહિલાઓ પોતાની ધિરાણ મંડળીઓમાં ઉદભવતા પ્રશ્નો મુશ્કેલીઓ, મંડળીઓનો વિકાસ, નીતિ વિષયક મુદ્દાઓ, કોમન સર્વિસ સેન્ટર, ફંડોની ફાળવણી અને ઉપયોગ વગેરે વિષયો પર મહાનુભાવો દ્વારા માહિતી અને સચોટ માર્ગદર્શન પૂરાં પાડવામાં આવ્યા હતા. જેથી મહિલા સહકારી મંડળીઓનો સહકારથી સમાનતા અને વિકાસ તરફ બદલાવ લાવી શકાય. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલ "સહકાર થી સમૃધ્ધિ" ના સૂત્ર ને સાકાર કરવા આ મહિલા સહકારી મંડળીઓ ખૂબ સારા પ્રયત્નો કરી રહી છે. ગ્રામીણ મહિલા સહકારી મંડળીઓનો કેવી રીતે વધુ સારો વિકાસ થાય તે માટે સતત પ્રયત્નશીલ છે.

આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ દ્વારા 2024– 25ના વર્ષમાં સારું કામ કરનાર શરાફી સહકારી ધિરાણ મંડળીઓ માટે શિલ્ડ હરિફાઈ યોજાઈ હતી.જેમાં પંચમહાલ જિલ્લામાં પ્રથમ નંબરે વિજેતા થયેલ ધી પાનમ મહિલા બચત અને ધિરાણ સહકારી મંડળી લિ., મુ.સાજીવાવ, તા. શહેરા, જિ. પંચમહાલને શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરી શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



# જામનગર જિલ્લા સહકારી સંઘ દ્વારા ખેડૂતો માટે ગોડાઉન અવેરનેસ કાર્યક્રમ યોજાયો

જામનગર : ગુજરાત રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણ યોજના અંતર્ગત જામનગર જિલ્લા સહકારી સંઘ અને શ્રી ઉદયભાણસિંહજી રીજિયોનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કો-ઓપરેટિવ મેનેજમેન્ટ, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે તારીખ 05/01/2026ના રોજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, હાપા મુકામે, તારીખ 08/01/2026ના રોજ શ્રી હડીયાણા સેવા સહકારી મંડળી લિ., મું. હડીયાણા, તા.જોડીયા ખાતે તેમજ તારીખ 09/01/2026ના રોજ જામનગર જિલ્લા સહકારી સંઘ, જામનગરમાં ખેડૂતો માટે ગોડાઉન અવેરનેશ પ્રોગામ યોજવામાં આવેલ.

આ પ્રોગ્રામમાં શ્રી ઉદયભાણસિંહજી રીજિયોનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કો-ઓપરેટિવ મેનેજમેન્ટ, ગાંધીનગરના ડાયરેકટર શ્રીમતી નીલુબેન પાંડે તેમજ ડો. એ. કે. અસ્થાનાએ ખેડૂતોને ગોડાઉનની જરૂરિયાત, તેનાથી થતા ફાયદાઓ અને કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવતા વેર હાઉસો દ્વારા ખેડૂતોને માલ સામે કેવી રીતે ધિરાણ મળે છે વિગેરે બાબતો વિસ્તાર પૂર્વક સમજાવેલ. આ પ્રોગ્રામમાં ખેડૂતોને ગોડાઉન બનાવવા માટે બેન્ક મારફત કેવી રીતે લોન મેળવવી તેની સમજણ ઘી જામનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેન્ક લિ.ના લોન અધિકારીશ્રી સુરેન્દ્રસિંહ જાડેજાએ આપેલ. હાપા મુકામે આવેલ કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવતા વેર હાઉસની ખેડૂતોને પ્રત્યક્ષ મુલાકાત લેવડાવી તેમના માલની જાળવણી વૈજ્ઞાનિક ઢબે કેવી રીતે કરવામાં આવે છે તેની સમજણ આપેલ.




આ ઉપરાંત જામનગર તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નવી નોંધાયેલ મંડળીઓને માર્ગદર્શન આપવા માટે તારીખ 6 અને 7 જાન્યુઆરી, 2026ના રોજ શ્રી સ્વામી વિવેકાનંદ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી લિ., જામનગરમાં બે દિવસનો ટ્રેનિંગ પ્રોગ્રામ પણ જામનગર જિલ્લા સહકારી સંઘ અને શ્રી ઉદયભાણસિંહજી રીજિયોનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કો-ઓપરેટિવ મેનેજમેન્ટ, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, જામનગર શ્રી અજયભાઈ સિદપરાએ ખાસ ઉપસ્થિત રહી તાલીમાર્થીઓને માર્ગદર્શન આપેલ. તેમજ આ પ્રસંગે જામનગર જિલ્લા સહકારી સંઘના માનદમંત્રી અને શ્રી સ્વામી વિવેકાનંદ ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટીના ડાયરેકટરશ્રી વશરામભાઈ ચોવટીયા તેમજ સોસાયટીના અન્ય હોદ્દેદારોએ ઉપસ્થિત રહી તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કરેલ. આ બધા કાર્યક્રમોનું આયોજન અને સંચાલન સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રી પ્રજ્ઞેશભાઈ નાકરાણીએ કર્યું હતું.

### મજબૂત ગવર્નન્સ... પાના નં. 4નું અનુસંધાન

ઈન્ટરએક્ટિવ સત્ર દરમિયાન ઉદ્યોગ પ્રતિનિધિઓએ નીતિગત અને ઓપરેશનલ મુદ્દાઓ અંગે પ્રતિસાદ આપ્યો. યુસીબીઓની કુલ કામગીરી સંતોષકારક હોવાનું સ્વીકારતાં, નફાકારકતા હજી વધુ સુધારાની જરૂર હોવાનું ભાગ લેનારાઓએ નોંધ્યું હતું.

બેઠકમાં સહકારી બેંકોના મૂડી આધારને મજબૂત બનાવવા માટે મતાધિકાર વિના વિશેષ શેર (Non-Voting Shares) શરૂ કરવાની સૂચના કરવામાં આવી, જેથી સહકારી સ્વભાવ જળવાઈ રહે. ક્ષમતા નિર્માણ, સંરચિત તાલીમ કાર્યક્રમો અને નેતૃત્વ વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. પ્રાથમિકતા ક્ષેત્ર ધિરાણ, ખાસ કરીને નબળા વર્ગોને આપવામાં આવતી લોન, તેમજ નિયમનકારી પરિપત્રો દ્વારા વધુ સ્પષ્ટતા કરવાની જરૂરિયાત અંગે પણ ચર્ચા કરવામાં આવી.

બેઠક દરમિયાન કેટલાક નાના ઓપરેશનલ મુદ્દાઓનું પણ નિરાકરણ કરવામાં આવ્યું, જે ક્ષેત્ર સાથે નિયમનકર્તાની સક્રિય અને પરામર્શાત્મક કામગીરીને પ્રતિબિંબિત કરે છે. નેતાઓએ સહકારી બેંકોમાં સભ્યતાની બે શ્રેણીઓ, નાના મૂલ્યની લોન (ઘર મરામત લોન સહિત) માટેની મર્યાદા સમીક્ષા અને હાઉસિંગ લોનની હાલની 20 વર્ષની મર્યાદા વધારવાની પણ માંગ કરવામાં આવી છે. આ બેઠક દ્વારા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની યુસીબી ક્ષેત્ર સાથે નજીકથી કામ કરવાની પ્રતિબદ્ધતા પુનઃપુષ્ટ થઈ હતી. જેથી ઉત્તમ ગવર્નન્સ, વધારેલી પારદર્શિતા અને દીર્ઘકાલીન સ્થિરતા સુનિશ્ચિત થાય અને સહકારી બેંકો દેશના મહત્વપૂર્ણ ગ્રાસરૂટ નાણાકીય સંસ્થાઓ તરીકે પોતાની ભૂમિકા યથાવત નિભાવતી રહે.

### ઊંટડીના દૂધનો... પાના નં. 3નું અનુસંધાન

થયેલ છે. આ ઉપરાંત, સમગ્ર ભારતમાં ઊંટડીના દૂધની રાજભોગ ફ્લેવરની આઈસ્ક્રીમ માત્ર સરહદ ડેરીમાં જ બનાવવામાં આવે છે. 22 ફેબ્રુઆરી 2024ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા આ આઈસ્ક્રીમ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું અને ફક્ત એક જ વર્ષમાં 80 વેરાયટી લોન્ચ કરવામાં આવી છે. વર્ષ 2024-25માં કુલ 24.52 લાખ લિટર આઈસ્ક્રીમનું ઉત્પાદન કરવામાં આવ્યું હતું અને મહત્તમ ડિસ્પેચ 58,000 લિટર નોંધાયું છે.

### PACSથી વૈશ્વિક... પાના નં. 1નું અનુસંધાન

સંગ્રહ વધ્યો છે અને ખાસ કરીને મહિલાઓની આવકમાં વધારો થયો છે.

રાષ્ટ્રીય સ્તરે ત્રણ નવી મલ્ટી-સ્ટેટ સહકારી સંસ્થાઓએ સહકારી પર્યાવરણને નવી દિશા આપી છે. ભારતીય બીજ સહકારી સમિતિએ 'ભારત બીજ' બ્રાન્ડ હેઠળ બીજ પુરવઠા શૃંખલા મજબૂત બનાવી છે. નેશનલ કો-ઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડે 'ભારત ઓર્ગેનિક્સ' બ્રાન્ડ હેઠળ ઓર્ગેનિક ખેતી અને માર્કેટિંગને એકત્રિત કર્યું છે. નેશનલ કો-ઓપરેટિવ એક્સપોર્ટ્સ લિમિટેડે સહકારી ઉત્પાદનોને વૈશ્વિક બજારમાં પહોંચાડ્યા છે, જેમાં લગભગ 14 લાખ મેટ્રિક ટન કૃષિ ઉત્પાદનોનું રૂ.5,500 કરોડથી વધુ મૂલ્યનું નિકાસ કરી સભ્ય સંસ્થાઓને ડિવિડન્ડ પણ વહેંચવામાં આવ્યું છે.

સંસ્થાગત ક્ષમતા નિર્માણ માટે ત્રિભુવન સહકારી યુનિવર્સિટીની સ્થાપના, વિશાળ તાલીમ કાર્યક્રમો અને નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા વધારેલી નાણાકીય સહાયને પણ વેગ મળ્યો છે. NCDC દ્વારા છેલ્લા બે નાણાકીય વર્ષોમાં દરેક વર્ષે લગભગ રૂ.95,000 કરોડનું વિતરણ કરવામાં આવ્યું છે. કર રાહતો, સહકારી શુગર મિલોના પુનર્જીવન, ડિજિટલ બેંકિંગ સુધારા અને નેશનલ કો-ઓપરેશન પોલિસી 2025 જેવી નીતિગત પહેલોએ સહકારી ક્ષેત્રને વધુ મજબૂત બનાવ્યું છે.

આ તમામ પહેલો દર્શાવે છે કે સહકારી સંસ્થાઓને હવે આધુનિક, પારદર્શક અને બહુહેતુક સંસ્થાઓ તરીકે પુનઃસ્થાપિત કરવામાં આવી રહી છે, જે સમાવેશક વિકાસ, સ્થિર જીવનધોરણ અને ભાગીદારી આધારિત વિકાસને આગળ વધારશે, જ્યારે ભારત 'વિકસિત ભારત 2047' તરફ આગળ વધી રહ્યું છે.

### સંયુક્ત રાષ્ટ્ર ... પાના નં. 4નું અનુસંધાન

ઈવેન્ટ્સને મંજૂરી આપવામાં આવી છે, જેમાં WWF-ICNWનો કાર્યક્રમ ચોથા દિવસે પ્રથમ સત્રમાં મૂકવામાં આવ્યો છે, જેના કારણે તેને વિશ્વના વિવિધ દેશો અને મહાદ્વીપોમાંથી વિશાળ ભાગીદારી અને વ્યાપક પ્રસિદ્ધિ મળશે.

આ સત્ર ગરીબ અને કામકાજી મહિલાઓને ટકાઉ, સભ્ય આધારિત સહકારી સંસ્થાઓમાં સંગઠિત કરવા માટે WWF-ICNWના લગભગ પાંચ દાયકાના કાર્યને રજૂ કરશે.

કાર્યક્રમમાં વિશ્વભરના પ્રતિષ્ઠિત પ્રતિનિધિઓ અને સંસ્થાઓ ભાગ લેશે. તેમાં જર્મનીની ઈન્ટરનેશનલ રાઈફાઈઝન યુનિયન, વર્લ્ડ ફાર્મર્સ ઓર્ગેનાઈઝેશન (WFO), ગાયાના સ્થિત CARICOM સચિવાલયના કૃષિ અને એગ્રો-ઉદ્યોગ વિકાસ વિભાગના અધિકારીઓ, તેમજ આફ્રિકા આધારિત રિજનલ નાઈલ વુમન્સ નેટવર્ક (RNWN) ની શ્રીમતી ઘદા અહમદેઈનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત દક્ષિણ આફ્રિકા, બ્રાઝિલ, લેટિન અમેરિકા, એશિયા અને કોરિયાની મહિલા સહકારી નેતાઓ, વિવિધ યુએન એજન્સીઓ, સહકારી યુનિયનો, આંતરરાષ્ટ્રીય નેટવર્ક્સ અને નાગરિક સમાજ સંસ્થાઓના પ્રતિનિધિઓ પણ કાર્યક્રમમાં જોડાશે. લગભગ 500 ગ્રાસરૂટ સ્તરની મહિલા સહકારી નેતાઓ, જે WWF-ICNW સાથે સંકળાયેલી છે, લાઈવ વર્ચ્યુઅલ કાર્યક્રમમાં ભાગ લેશે અને વૈશ્વિક નીતિ ચર્ચામાં મજબૂત ગ્રાસરૂટ્સ દૃષ્ટિકોણ રજૂ કરશે.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ એ દર્શાવવાનો છે કે સમુદાય આધારિત સહકાર સંસ્થાઓ કેવી રીતે સામાજિક ન્યાયને આગળ ધપાવી શકે, આર્થિક સ્થિરતા વધારી શકે અને ખાસ કરીને હાશિએ રહેલી મહિલાઓ માટે લિંગ સમાનતા સુનિશ્ચિત કરી શકે છે.

### મજબૂત સહકારી... પાના નં. 4નું અનુસંધાન

રાષ્ટ્રીય મિશનો દ્વારા આયાત ઘટાડીને દેશને આત્મનિર્ભર બનાવવા સરકાર પ્રતિબદ્ધ છે, જેના પરિણામે તેલબીજનું ઉત્પાદન વધ્યું છે.

કૃષિ માળખાગત ફંડના માધ્યમથી કૃષિ ક્ષેત્રનું આધુનિકીકરણ અને લોજિસ્ટિક્સમાં સુધારો થયો છે, જેના કારણે રૂ. 1.25 લાખ કરોડથી વધુનું ખાનગી રોકાણ આકર્ષાયું છે અને યુવાનો માટે લાખો રોજગારની તકો ઊભી થઈ છે.

આ પ્રયાસોના પરિણામે ખાદ્ય પ્રક્રિયા ક્ષમતા વીસ ગણી વધી છે, જેથી ખેડૂતોને તેમના પાકના વધુ સારા ભાવ મળવા લાગ્યા છે. દુરસ્ત વિસ્તારોમાં "નમો ડ્રોન દીદી" પહેલ મહિલા સશક્તિકરણનું પ્રતીક બની છે, જ્યાં તાલીમ પ્રાપ્ત ડ્રોન દીદીઓ આધુનિક ટેકનોલોજી દ્વારા કૃષિ ક્ષેત્રમાં પરિવર્તન લાવી રહી છે.

ઉલ્લેખનીય છે કે ત્રિભુવન સહકારી યુનિવર્સિટી (TSU) ભારતની પ્રથમ રાષ્ટ્રીય યુનિવર્સિટી તરીકે કલ્પિત છે, જે સંપૂર્ણપણે સહકારી ક્ષેત્રને સમર્પિત છે. આ યુનિવર્સિટી સહકારી ક્ષેત્રમાં લાંબા સમયથી અનુભવાતી સંસ્થાગત અને જ્ઞાનની ખોટને પૂર્ણ કરવાનો ઉદ્દેશ ધરાવે છે.

ઈન્સ્ટિટ્યૂટ ઑફ રૂરલ મેનેજમેન્ટ આનંદ (IRMA)ને રાષ્ટ્રીય મહત્ત્વની યુનિવર્સિટીમાં રૂપાંતરિત કરવા માટેના કાયદા દ્વારા TSUની પરિકલ્પના કરવામાં આવી છે. સહકારી વ્યવસ્થાપન અને ગ્રામીણ વિકાસ માટે શિક્ષણ, તાલીમ, સંશોધન અને ક્ષમતાવર્ધનનું કેન્દ્ર બનવાની દિશામાં TSU કાર્ય કરશે.

સહકારી આંદોલનના અગ્રણી ત્રિભુવનદાસ કિશીભાઈ પટેલના નામ પરથી યુનિવર્સિટીને નામ આપવામાં આવ્યું છે, જે તેની મજબૂત વિચારધારાત્મક પાયાને પ્રતિબિંબિત કરે છે. વિશેષ શૈક્ષણિક કાર્યક્રમો, વ્યાવસાયિક અભ્યાસક્રમો અને સંશોધન સહાય દ્વારા TSU વિવિધ ક્ષેત્રોમાં સહકારિતાઓ માટે કુશળ માનવ સંસાધન તૈયાર કરશે.

આ યુનિવર્સિટી સહકારિતાઓમાં શાસન, વ્યાવસાયિકતા અને નવીનતાને મજબૂત બનાવશે અને સમગ્ર દેશમાં સમાવેશક તથા ટકાઉ ગ્રામીણ આર્થિક વિકાસને પ્રોત્સાહન આપતી પ્રેરક ભૂમિકા ભજવશે.

**ભારતની એટમોસ સહિત 7દેશની કંપનીઓ દ્વારા બીડું ઝડપવામાં આવ્યું**

# AI રોબોટસ દ્વારા જમીન વગર વર્ટિકલ ફાર્મિંગ થકી ખેતી કરાય છે

ન્યૂ દિલ્હી : વિશ્વમાં જે રીતે વસતીનો વધારો થઈ રહ્યો છે તેને દરરોજ બે ટંક ભોજન મળે તેના માટે પણ ઘણી મહેનત કરવી પડી રહી છે. એક તરફ ખેતી લાયક જમીનો ઓછી થતી જાય છે અને બીજી તરફ ગ્લોબલ વોર્મિંગના કારણે ખેત પેદાશોની ઉપજ ઉપર પણ મોટી અસર પડી છે ત્યારે ખેતી હવે એક પડકારજનક વ્યવસાય બની રહ્યો છે. જાણકારો માને છે કે, 2050 સુધીમાં દુનિયામાં જેટલું ખાદ્યાન્નનું ઉત્પાદન થાય છે તેનાથી લગભગ 50 ટકા વધારેનું ઉત્પાદન કરવું પડશે તો જ વધારાની નવી 10 અબજ લોકોની વસતીને ભોજન પૂરું પાડી શકાશે. હાલમાં જે વ્યવસ્થા ઉપર આપણે નિર્ભર છીએ તેનાથી વધારાની વસતીનું ભરણપોષણ કરી શકાય તેમ નથી. ઓછા ખેતરો, અનિશ્ચિત ઋતુચક્ર, ખેત સામગ્રીઓના વધતા ભાવ અને અન્ય પરિબળોને લીધે ખેતી કરવી મુશ્કેલ બની રહી છે.

સંશોધકો દ્વારા તેના ઉકેલ માટે વર્ટિકલ ફાર્મિંગનો કોન્સેપ્ટ લાવવામાં આવ્યો છે. આ એક ફ્યુચરિસ્ટિક કોન્સેપ્ટ છે. એઆઈ ઓપરેટેડ રોબોટ્સ દ્વારા વર્ટિકલ ક્યુબિકલ્સમાં ખેતી કરવામાં આવી રહી છે. તેના માટે મોટી જમીનની જરૂર નથી. સંશોધકોએ વિશાળ ટાવરો બનાવીને તેમાં એઆઈ રોબટ્સ દ્વારા ખેતી કરવાનું કામ શરૂ કરી દેવાયું છે. તેના માટે માટી કે જમીનની જરૂર પડતી નથી.

### AIની મદદથી ખેતીનું વાતાવરણ તૈયાર કરાય છે :

સૌથી મોટી અને મહત્ત્વની વાત એ છે કે, આ વર્ટિકલ ફાર્મિંગમાં એઆઈની મદદથી પ્રકાશ, ભેજ, પીએચ, પોષણનું સ્તર વગેરે નક્કી કરવામાં આવે છે. એક વખત તેના ડેટા સિસ્ટમમાં નાખવામાં આવે ત્યારબાદ એઆઈ પોતાની રીતે અલગોરિધમ સેટ કરીને પાક ઉગાડવાનું કામ કર્યા કરે છે. તેના કારણે જ સમગ્ર ખેતી સોફ્ટવેર આધારિત બની ગઈ છે અને જે પાક લેવાની ઝડપને પણ વેગવંતી બનાવી રહી છે. અમેરિકામાં ઘણી કંપનીઓ દ્વારા આવી વર્ટિકલ ખેતી કરાઈ રહી છે. તેઓ એઆઈની મદદથી વિશાળ વેરહાઉસમાં વર્ટિકલ ખેતી કરીને દરરોજ હજારો ટન ગ્રીન શાકભાજી અને વસ્તુઓ હોલસેલ માર્કેટમાં પહોંચાડી રહ્યા છે. તેવી જ રીતે નેધરલેન્ડમાં એક વોટર સિસ્ટમ વિકસાવાઈ છે; જેની ઉપર ફ્લોટિંગ ફાર્મ તૈયાર કરાયા છે. એઆઇની મદદથી અહીંયા ખેતી થાય છે. યુએઈમાં પણ સોલારની મદદથી દરિયા ઉપર ફ્લોટિંગ ફિલ્ડ ઊભા કરાયા છે જેમાં આ પ્રકારની ખેતી થાય છે. જાપાન અને ચીન દ્વારા પણ એઆઈની મદદથી ઓટોનોમસ મોડમાં વર્ટિકલ ખેતી કરવામાં આવી રહી છે. તેના દ્વારા શહેરી વિસ્તારોમાં અનાજની અછત ધીમે ધીમે દૂર થઈ રહી છે, આ પદ્ધતિ દ્વારા ખૂબ જ સચોટ, અસરકારક, વાતાવરણ આધારિત, ડેટા આધારિત ફ્લોટિંગ અને વર્ટિકલ ફાર્મિંગ દ્વારા હજારો ટન પાક લેવામાં આવી રહ્યો છે.

### શિક્ષિત યુવાનો, ... પાના નં. 1નું અનુસંધાન

"આત્મનિર્ભર ભારત માટે સહકારી ક્ષેત્ર શ્રેષ્ઠ માધ્યમ છે" યુવા મહિલા સહકારી સેમિનાર – 2026 પુસ્તિકા "સહકાર ગરિમા"નું વિમોચન કરી મુખ્ય મહેમાન ઉદ્યોગપતિ, પદ્મશ્રી શ્રી સવજીભાઈ ધોળકીયાએ જીવનમાં આગળ વધવા અને સફળ થવા શું કરવું જોઈએ તે અંગે માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, ઘનશ્યામભાઈના નેતૃત્વમાં રાજ્ય સહકારી સંઘ દ્વારા યુવા મહિલા સેમિનાર યોજવામાં આવ્યો છે, તે બાબતનું ગૌરવ છે. આ સેમિનારને સફળ કરવા આઁખ, કાન, નાક ખુલ્લા રાખી અહીંથી શીખીને જવાનું છે અને જીવનમાં ઉતારવાનું છે. મોટા ધ્યેય સાથે વિદ્યાર્થિનીઓએ આગળ વધવું જોઈએ. જેવું વિચારશો તે પ્રમાણે તમારા જીવનમાં થશે. વિદ્યાર્થિનીઓએ સહકારિતાને જીવનમાં ઉતારી સશક્ત બનવું જોઈએ અને દેશના વિકાસમાં ભાગીદાર બનવું જોઈએ.

વધુમાં શ્રી સવજીભાઈ ધોળકીયાએ જણાવ્યુ હતું કે જીવનમાં જે કોઈ કામ કરો તો તે કામ પૂરી નિષ્ઠા અને પ્રામાણિકતાથી કરો જેમાં પ્રભુ પણ આપણને સહાય કરશે.તમે જે પણ કામ કરો તે કામના વળતર કરતાં વધારે કામ કરજો તો તે વધારાના કામનું વળતર ઈશ્વર આપણને કોઈને કોઈ સ્વરૂપમાં પરત આપે જ છે.જીવનમાં હંમેશા દાન,શ્રમદાન અને સમય દાન આપશો તો તમારી પ્રગતિને કોઈ રોકી નહિં શકે.તેમણે પોતાનો દાખલો આપતાં જણાવ્યુ હતું કે,હું જ્યારે નાના હતો ત્યારે મારા માતૃશ્રીએ મને ત્રણ સૂત્રો આપેલ પ્રથમ જીવનમાં મોટો માણસ બનજે, બીજું પ્રામાણિક બનજે અને ત્રીજું બીજાને હંમેશા ઉપયોગી થજે. આ ત્રણ સંકલ્પને તમારા જીવનમાં પણ ઉતારજો યુવાનવયે જ તમારે તમારું લક્ષ નક્કી કરવું જોઈએ. જીવનમાં કેવી રીતે આગળ વધશો અને એ લક્ષ સુધી પહોંચવા રાત દિવસ જોયા વગર મહેનત કરવી પડશે. તેઓશ્રીએ પોતાના જીવનના લક્ષ બાબતે વાત કરતાં જણાવ્યું હતું કે, મે મારા બિઝનેસ અંગે લક્ષ નક્કી કરેલ કે પાંચ વર્ષમાં મારી કંપનીને મારા વિસ્તારમાં પ્રથમ નંબરની કંપની બનાવીશ, આમ તમે પણ તમારું લક્ષ નક્કી કરો અને તે લક્ષને સિધ્ધ કરવા પૂરાં ખંતથી મહેનત કરો.

સેમિનારમાં વિદ્યાર્થિનીઓમાં છુપાયેલી શક્તિઓ ઉજાગર કરી સફળતા મેળવવા અને સોશિયલ મીડિયાના ઉપયોગ અંગે સાવધાની રાખવા અંગે માર્ગદર્શન આપતા મોટીવેશનલ સ્પીકર શ્રી સંજયભાઈ રાવલે જણાવ્યું હતું કે, આ સેમિનાર યોજવાનું સાર્થક ત્યારે થયું ગણાય જ્યારે વિદ્યાર્થિનીઓ સહકારી ક્ષેત્ર સાથે જોડાઈને પોતાની ઉજ્જવળ કારકિર્દી બનાવે. જીવનમાં સફળ થવા માટે જે કાંઈ કરો તેમાં સંપૂર્ણ સમર્પણ કરી બેસ્ટ કરો સફળતા મળશે.

સેમિનારમાં રાજ્ય સહકારી સંઘની મહિલા સમિતિના ચેરપર્સનશ્રી ભાવનાબહેન જાડેજાએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સહકારથી સમૃદ્ધિના સૂત્ર અને સહકારી ક્ષેત્રે રહેલ રોજગારીની તકો અંગે સમજ આપતા જણાવ્યું હતું કે, સહકાર વિના ઉદ્ધાર નથી. શોષણના નિવારણના વિચારમાંથી સહકારી પ્રવૃત્તિનો ઉદ્દભવ થયો છે. સહકારી પ્રવૃત્તિ તેના સિદ્ધાંતોથી કામ કરે છે. સહકારી ક્ષેત્ર સાથે જોડાવાથી શું ફાયદા થશે તે જાણી તેનો ઉપયોગ કરવો જોઈએ. સહકારના સહયોગથી વિદ્યાર્થિનીઓએ મંડળીઓ શરૂ કરવી જોઈએ.

રાજ્ય સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર ડૉ. રાજેન્દ્ર ત્રિવેદીએ કાર્યક્રમની રૂપરેખા આપી ઉપસ્થિત સૌ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. યુવા મહિલા સહકારી સેમિનારમાં એનસીયુઆઈના ફાઈનાન્સ ડિરેકટરશ્રી સંધ્યાકપૂરે સહકારથી સમૃદ્ધિ અંગે, દૂધ ડેરી દ્વારા આર્થિક વિકાસ અંગે બનાસ ડેરીના ઝોનલ અધિકારીશ્રીએ, રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણની કામગીરી અંગે રાજ્ય સહકારી સંઘના અધિકારીશ્રી દિપશીખા ઠાકુરે, તેમ જ સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજ્ય સહકારી સંઘ દ્વારા સંચાલિત ગુજરાત સહકારી તાલીમ કેન્દ્રના પ્રિન્સિપાલશ્રી જયભાઈ ઠક્કરે કર્યું હતું. રાજ્ય સહકારી સંઘના માહિતી અધિકારીશ્રી સી.જે. દવેએ ઉપસ્થિત મહાનુભાવોનો આભાર વ્યક્ત કર્યો હતો. રાજ્યની વિવિધ 69 કોલેજોમાંથી 1000 જેટલી વિદ્યાર્થિનીઓએ ઉપસ્થિતિ રહી માર્ગદર્શન મેળવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા રાજ્ય સહકારી સંઘના કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

આરબીઆઈ ગવર્નરની યુસીબી નેતાઓ સાથે બેઠક

# મજબૂત ગવર્નન્સ પર ભાર, ડિરેક્ટરોના કાર્યકાળ અને મૂડી વધારાના મુદ્દાઓ પર વિશેષ ચર્ચા

મુંબઈ : રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા નિયમિત સંસ્થાઓ સાથે સતત સંવાદના ભાગરૂપે, આરબીઆઈના ગવર્નર શ્રી સંજય મલ્હોત્રાએ તા. 19 જાન્યુઆરી, 2026ના રોજ મુંબઈ ખાતે પસંદગીની અર્બન કો-ઓપરેટિવ બેંકો (UCBs)ના ચેરપર્સન તથા મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસરો સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. આ અગાઉની બેઠક 19 માર્ચ, 2025ના રોજ યોજાઈ હતી.

આ બેઠકમાં આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર શ્રી સ્વામિનાથન જે. અને શ્રી એસ.સી. મુર્મુ સહિત રિઝર્વ બેંકના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

બેઠકમાં પ્રતિનિધિત્વ કરનાર પ્રખ્યાત યુસીબીઓમાં સારસ્વત બેંક (ચેરમેન: શ્રી ગૌતમ ઠાકુર), એસવીસી બેંક (ચેરમેન: શ્રી દુર્ગેશ ચંદાવરકર; સીઈઓ: શ્રી રવિન્દર સિંહ), ટીજેએસબી બેંક (ચેરમેન: શ્રી શરદ ગાંગલ), કોસમોસ કો-ઓપરેટિવ બેંક (ચેરમેન: એડવોકેટ પ્રલ્હાદ કોકરે), જનતા સહકારી બેંક, પુણે (ચેરમેન: શ્રી રવિન્દ્ર હેજિબ; સીઈઓ: શ્રી જગદીશ કશ્યપ) તથા ભારત કો-ઓપરેટિવ બેંક (ચેરમેન: શ્રી સૂર્યકાંત જય સુવર્ણા; સીઈઓ: શ્રી વિદ્યાનંદ કર્કેરા) સહિત અન્ય બેંકોનો સમાવેશ થયો હતો. મહારાષ્ટ્ર, કેરળ, ગોવા અને રાજસ્થાનમાંથી અંદાજે 45 વરિષ્ઠ હિતધારકો બેઠકમાં જોડાયા હતા.

ઉદ્યોગ સંસ્થાઓ તરફથી પણ



પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા, જેમાં NAFCUBના ઉપાધ્યક્ષ શ્રી મિલિંદ કાલે તથા NUCFDCના પ્રમુખ શ્રી જ્યોતિન્દ્ર મહેતા અને સીઈઓ શ્રી પ્રભાત ચતુર્વેદીનો સમાવેશ થાય છે. બેઠક લગભગ બે કલાક સુધી ચાલી હતી, જેમાં ક્ષેત્રસંબંધિત મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકને સંબોધતાં આરબીઆઈ ગવર્નરે અર્બન કો-ઓપરેટિવ બેંકોની ખાસ કરીને અપર્યાપ્ત સેવા ધરાવતા અને અર્ધ-શહેરી વિસ્તારોમાં ક્રેડિટ પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા હોવાનું જણાવ્યું અને નાણાકીય સમાવેશને આગળ વધારવામાં તેમના યોગદાનને રેખાંકિત કર્યું. છેલ્લી બેઠક પછી સહકારી બેંકિંગ ક્ષેત્ર માટે લેવામાં આવેલા વિવિધ નીતિગત પગલાંનો ઉલ્લેખ કરતાં તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ પહેલો યુસીબીઓને વધુ મજબૂત, સ્વસ્થ અને ટકાઉ રીતે વિકસવામાં મદદરૂપ થશે.

ગવર્નરે મજબૂત ગવર્નન્સ, સઘન અન્ડરરાઈટિંગ પ્રક્રિયા અને એસેટ ક્વોલિટી પર કડક દેખરેખ રાખવાની આવશ્યકતા પર ભાર મૂક્યો. તેમણે ગ્રાહક કેન્દ્રિત અભિગમ, નૈતિક વ્યવહાર અને સમયસર ફરિયાદ નિવારણના મહત્વને પણ રેખાંકિત કર્યું, જેથી સહકારી બેંકો પર જનવિશ્વાસ જળવાઈ રહે અને વધુ મજબૂત બને.

અનુસંધાન પાના નંબર : 2

# ઊંટડીના દૂધનો રાજભોગ આઈસક્રીમ બનાવતી દેશની એકમાત્ર સરહદ ડેરી

ભુજ : ભૂકંપ બાદ કચ્છના સહકારી ક્ષેત્રમાં સકારાત્મક પરિવર્તન લાવવામાં શ્રી કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ એટલે કે સરહદ ડેરીની નોંધપાત્ર ભૂમિકા રહી છે. 2009માં વલમજી હુંબલ દ્વારા સ્થાપિત સરહદ ડેરીની સૌથી મોટી સહકારી સંસ્થા છે અને જિલ્લાના પશુપાલકો માટે આજીવિકાનો મહત્વપૂર્ણ સ્રોત છે. સરહદ ડેરી 80,000 દૂધ ઉત્પાદકો પાસેથી દરરોજ 5.5 લાખ લિટર દૂધ મેળવે છે.

સરહદ ડેરી 900થી વધુ સહકારી મંડળીઓ મારફતે દરરોજ આશરે 80,000 દૂધ ઉત્પાદકો પાસેથી 5.5 લાખ લિટર જેટલું દૂધ એકત્ર કરે છે. ડેરીમાં દરરોજ 4 લાખ લિટર દૂધનું પ્રોસેસિંગ થાય છે અને અહીં 300 ટન ક્ષમતાનો પશુઆહાર (કેટલ ફીડ) પ્લાન્ટ પણ છે. આ ઉપરાંત, ડેરી દ્વારા દરરોજ 50,000 લિટર આઈસક્રીમ પણ બનાવવામાં આવે છે, જેમાં સૌથી વધુ ઉત્પાદન 3.38 લાખ લિટર પ્રતિ દિવસ નોંધાયું છે. ડેરી દ્વારા પશુપાલકોને દરરોજ અંદાજે 3 કરોડની ચુકવણી કરવામાં આવે છે. વર્ષ 2024-25 દરમિયાન સરહદ ડેરીએ 1,200 કરોડથી વધુનો ઐતિહાસિક ટર્નઓવર હાંસલ કર્યો છે, જે વાર્ષિક 9.09 ટકાનો વધારો દર્શાવે છે. સરહદ ડેરી હરિયાણા, તેલંગાણા અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં અમૂલના ડેરી પ્લાન્ટને ભેંસનું શુદ્ધ દૂધ પૂરું પાડવામાં પણ અગ્રેસર છે.

જાન્યુઆરી 2022માં ગાંધીનગરમાં ઈન્ડિયન ડેરી એસોસિએશન (IDA) કોન્ફરન્સ યોજાઈ હતી, જેમાં સરહદ ડેરીએ ભાગ લીધો હતો. તો ઈન્ટરનેશનલ ડેરી ફેડરેશન (IDF) દ્વારા કેરળ રાજ્યના કોચી ખાતે વિશ્વમાં પ્રથમ વખત રીજિનલ ડેરી કોન્ફરન્સ-2024નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સમાં વિશ્વમાં ઊંટ અને ઊંટડીના વિષય પર એક મહત્વનું સેશન યોજવામાં આવ્યું હતું. જેમાં સરહદ ડેરી દ્વારા એશિયા પેસિફિક પ્રદેશમાં ઊંટડીના દૂધના પ્રોસેસિંગ અને બનાવટોમાં જે ઉત્કૃષ્ટ કામગીરી થઈછે, તેની વૈશ્વિક સ્તરે નોંધ લેવામાં આવી હતી.

આ ઉપરાંત, સરહદ ડેરીને 2025માં દુબઈમાં યોજાયેલા વિશ્વના સૌથી મોટા ફૂડ શો ‘ગલ્ફ ફૂડ એક્સ્પો'માં પણ વૈશ્વિક સ્તરે ઓળખ મળી હતી, જ્યાં અમૂલના સ્ટોલ પર ઊંટડીના દૂધના ઉત્પાદનોએ વિશેષ આકર્ષણ પેદા કર્યું હતું. સરહદ ડેરીને તેની પ્રશંસનીય કામગીરી બદલ અનેક પુરસ્કાર મળ્યાં છે.

સરહદ ડેરીએ કચ્છ જિલ્લા મધ્યસ્થ સહકારી બૅન્ક (KDCC બૅન્ક) ક્ષેત્રમાં 900 દૂધ મંડળીઓ અને 31,067 પશુપાલકોને ખાતા ખોલવામાં મદદ કરી છે. બૅન્કિંગને વધુ સરળ બનાવવા માટે ખેડૂતોને RuPay કાર્ડ આપવામાં આવ્યા છે અને 438 દૂધ મંડળીઓને માઈક્રો એટીએમ પ્રાપ્ત થયા છે.

### સરહદ ડેરી ખાતે ભારતનો પ્રથમ કેમલ મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ :

કચ્છના રણનું સફેદ સોનું ગણાતા ઊંટડીના દૂધમાં ભરપૂર ખાદ્ય ખનીજ તત્વો હોય છે, જે આરોગ્ય માટે લાભદાયક છે અને રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે. ભારતનો સૌપ્રથમ ઊંટડીના દૂધને દુર્ગંધમુક્ત કરવાનો પ્રોસેસિંગ પ્લાન્ટ કચ્છમાં એટલે કે સરહદ ડેરી પાસે છે, જે 16 જાન્યુઆરી 2019થી કાર્યરત છે.




## સરહદ ડેરીએ 900 દૂધ મંડળીઓ અને 31,067 પશુપાલકોના બૅન્ક ખાતા ખોલ્યા; 438 મંડળીઓને માઈક્રો એટીએમ મળ્યાં છે

ઊંટડીના દૂધ માટેનું પ્રાથમિક ઓર્ગેનિક સર્ટિફિકેટ પણ સરહદ ડેરીએ મેળવેલ છે. કચ્છ જિલ્લામાં રાપર, નખત્રાણા, ગઢશીશા અને કોટડા આથમણા એમ ચાર ક્લેક્શન કેન્દ્ર મારફતે ઊંટડીના દૂધનું અમૂલ પેટર્ન મુજબ ક્લેક્શન કરવામાં આવી રહ્યું છે. વર્ષ 2024-25 દરમિયાન ઊંટડીનું દૈનિક દૂધ સંપાદન 4,754 લિટર થયું છે.

ઊંટડીનું દૂધ જમા કરાવતા ઊંટપાલકોને વાર્ષિક 8,72,83,440 ચૂકવણું કરવામાં આવ્યું છે જેનાથી 350થી વધુ ઊંટપાલક પરિવારોને લાભ

અનુસંધાન પાના નંબર : 2

# ભારતીય રેલવેની ટ્રેનોમાં હવે નાફેડની પ્રીમિયમ ગુણવત્તાવાળી ચા ઉપલબ્ધ

ન્યૂ દિલ્હી : પ્રથમ વખત, નેશનલ એગ્રીકલ્ચરલ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (NAFED)ની પ્રીમિયમ ગુણવત્તાવાળી ચા હવે ભારતીય રેલવેની વિવિધ ટ્રેનોમાં ઉપલબ્ધ બની છે. આ પહેલ મુસાફરોને તેમની મુસાફરી દરમિયાન વધુ આરામ, સુવિધા અને ગુણવત્તાનો અનુભવ અપાવશે. નાફેડ દ્વારા રજૂ કરવામાં આવેલી આ ઈન્સ્ટન્ટ ચા સરળતાથી તૈયાર કરી શકાય તેવી હોવાથી મુસાફરો ટ્રેનમાં કોઈપણ સમયે તાજગીભર્યો ચાનો કપ માણી શકશે.

આ પહેલ દ્વારા નાફેડની ઉચ્ચ ગુણવત્તા અને ગ્રાહક કેન્દ્રિત અભિગમ પ્રત્યેની પ્રતિબદ્ધતા સીધી જનતા સુધી પહોંચે છે, જેના પરિણામે ટ્રેન મુસાફરીનો અનુભવ વધુ સુખદ અને યાદગાર બનશે.

હવે દેશભરના મુસાફરો મુસાફરી દરમિયાન નાફેડ ચાનો સમૃદ્ધ સ્વાદ અને મોહક સુગંધનો આનંદ લઈ શકશે, જેમાં મુસાફરીનો આનંદ અને આરોગ્યપ્રદ પેયનો સંતુલિત અનુભવ એકસાથે મળશે.




નાબાર્ડના ચીફ જનરલ મેનેજર બી.કે. સિંઘલે કૃષિ ક્ષેત્રે મહિલાઓની વધતી જતી ભાગીદારી અંગે વાત કરતા કહ્યું

# કૃષિ ક્ષેત્રે કાર્યરત લોકોમાં મહિલાઓનો હિસ્સો લગભગ 73 ટકા જેટલો છે

અમદાવાદ : ફ્રેન્ડ્ઝ ઓફ વિમેન્સ વર્લ્ડ બેન્કિંગ ઈન્ડિયા (એ ડબ્લ્યૂ ડબ્લ્યૂ બી)એ તાજેતરમાં અમદાવાદમાં ‘રોલ ઓફ જેન્ડર ઇન એગ્રીકલ્ચરલ ફૂડ સિસ્ટમ એન્ડ ક્લાઈમેટ ચેન્જ' વિષય પર રાજ્ય સ્તરની એક ચર્ચાનું આયોજન કર્યું હતું. આ ચર્ચામાં સમગ્ર ગુજરાતના નીતિ ઘડનારાઓ, બેંકર્સ, ડેવલપમેન્ટ પ્રેક્ટિશનર્સ અને મહિલા ખેડૂત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કૃષિ, કૃષિ-વ્યવસાયો તથા આબોહવા સ્થિતિસ્થાપક ખાદ્ય વ્યવસ્થાઓમાં મહિલાઓની ભૂમિકા અને માન્યતાને મજબૂત બનાવવા પર આ કાર્યક્રમમાં ચર્ચા હાથ ધરાઈ હતી. પોતાના પ્રારંભિક વક્તવ્યમાં નાબાર્ડના ચીફ જનરલ મેનેજર બી.કે. સિંઘલે કૃષિ ક્ષેત્રે મહિલાઓની વધતી જતી ભાગીદારી પર ભાર મૂકતા કહ્યું કે, કૃષિ ક્ષેત્રે કાર્યરત લોકોમાં મહિલાઓનો હિસ્સો લગભગ 73 ટકા જેટલો છે, છતાં જમીનની માલિકી, ધિરાણની પહોંચ તથા ફાર્મર-પ્રોડ્યુસર ઓર્ગેનાઇઝેશન્સ (એફપીઓ)માં પ્રતિનિધિત્વની બાબતે તેઓ ઘણી પાછળ છે. તેમણે હિમાયત કરી હતી કે એફપીઓ બોર્ડ્સમાં મહિલાઓનું ઓછામાં ઓછું 50 ટકા પ્રતિનિધિત્વ હોવું જોઈએ અને મહિલાઓ વધુને વધુ જમીનની માલિકી ધરાવતી હોવી જોઈએ. મહિલા ખેડૂતોના આંતરરાષ્ટ્રીય વર્ષ તરીકે 2026નો પ્રારંભ થઈ ગયો છે ત્યારે આ બાબતો ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

### કૃષિ મૂલ્ય સાંકળમાં મહિલાઓના નેતૃત્વને મજબૂત બનાવવાતી સામૂહિક હાકલ કરાઈ :

વાર્તાલાપમાં એફડબ્લ્યુડબ્લ્યુબીના ચીફ ઓપરેટિંગ ઓફિસર નેહા કંસારાએ



નાણાકીય સમાવેશકતા, મહિલા ઉદ્યોગસાહસિકતા, કૃષિ અને આબોહવા પરિવર્તનના વિવિધ પાસાં રજૂ કર્યા હતા. તેમણે બજારો અને કૃષિ સંબંધિત વ્યવસ્થાઓમાંમહિલાઓનેપરિવર્તનકારી ભૂમિકા ભજવવા માટે સક્ષમ બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ ઉપરાંત પેનલિસ્ટ્સે મહિલાઓની આગેવાની હેઠળના કૃષિ સાહસોને સશક્ત બનાવવામાં ટેક્નોલોજીની ભૂમિકા તથા કલેક્ટિવાઇઝેશન (વ્યક્તિગત ખેતી, સંસાધનો અથવા વ્યવસાયોને ભેગા કરીને પોતાની માલિકીના કે સંચાલિત મોટા એકમમાં ફેરવવાની પ્રક્રિયા), સમાન પ્રશાસન, બજારની પહોંચ, ધિરાણ અંગે ચર્ચાઓ કરી હતી. ગુજરાતમાં સ્થિતિસ્થાપક અને આબોહવાને પ્રતિસાદ આપે તેવી અનાજ વ્યવસ્થાઓ ઊભી કરવા માટે સમગ્ર કૃષિ મૂલ્ય સાંકળમાં મહિલાઓના નેતૃત્વને મજબૂત બનાવવાની સામૂહિક હાકલ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

# જૂનાગઢ જિલ્લા સહકારી સંઘ આયોજિત અર્બન કો-ઓપરેટિવ બેન્ક સેમિનાર

વેરાવળ: ગુજરાત રાજ્ય સહકારી સંઘ માર્ગદર્શિત અને જૂનાગઢ જિલ્લા સહકારી સંઘ આયોજિત જૂનાગઢ , પોરબંદર અને ગીર સોમનાથ જિલ્લાની અર્બન કો-ઓપરેટિવ બેંકનો સેમિનાર તારીખ 18 જાન્યુઆરી ડિવાઈન રિસોર્ટ, વેરાવળ ખાતે યોજાઈ ગયો.

આ સેમિનારમાં વિષય તજજ્ઞ મુખ્ય વક્તા તરીકે સુરત પીપલ્સ કો-ઓપરેટિવ બેંકના સીઈઓ શ્રી જતિનભાઈ નાયક ઉપસ્થિત રહેલ, જેમણે સાંપ્રત સમયમાં બેન્કિંગ સંસ્થા સામાજિક-આર્થિક વ્યવહારો માટે અગત્યની છે. તેમજ અદ્યતન સુવિધા તરફ ગતિ કરતું ક્ષેત્ર છે. જેને માટે નાવીન્ય કરણ અગત્યનો વિષય છે. અને સાથે સાથે ઘણા પ્રશ્નો અને સમસ્યાઓ ઉદભવતી હોય છે. સહકારી ક્ષેત્ર વધુમાં વધુ સમૃદ્ધ થાય તેવા પ્રયત્નો માટે બેંકના અધિકારીઓ-પદાધિકારીઓ માટે સમયાંતરે જુદા જુદા વિષયોનું માર્ગદર્શન જરૂરી હોય છે. જે બાબત ધ્યાને લઈ કેટલા અગત્યના વિષયો જેવા કે (1) ગુડ ગવર્નન્સ (૨) રિસ્ક મેનેજમેન્ટ (3) ફ્યુચર બેન્કિંગ, માટેનો જૂનાગઢ જિલ્લા સહકારી સંઘના કાર્યક્ષેત્રમાં કાર્યરત અર્બન કો ઓપરેટિવ બેન્ક જેવી કે (1) ધી જૂનાગઢ કોમર્શિયલ કો-



ઑપરેટિવ બેંક, (2) ધી વેરાવળ મર્કેટાઈલ કો-ઓપરેટિવ બેન્ક, (3) ધી વેરાવળ પીપલ્સ કો-ઓપરેટિવ બેન્ક, (4) ધી પોરબંદર કોમર્શિયલ કો-ઓપરેટિવ બેન્ક, (5) ધી પોરબંદર વિભાગીય નાગરિક સહકારી બેંક (૬) ધી કોડીનાર નાગરિક સહકારી બેંક (7) ધી ઉના પીપલ્સ કો-ઑપરેટિવ બેન્ક વગેરેના અધિકારી - કર્મચારીઓ માટેનો સેમિનાર યોજાયેલ.

આ સેમિનારનું ઉદઘાટક શ્રીરમેશભાઈ ઠકરાર -વાઈસ ચેરમેન, ધી વેરાવળ પીપલ્સ બેંક દ્વારા દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવેલ, સેમિનારના અધ્યક્ષસ્થાને ધિ વેરાવળ મર્કેટાઇલ કો-ઓપરેટિવ બેન્કના ચેરમેન શ્રી નવીનભાઈ શાહ ઉપસ્થિત રહેલ, આ સેમિનારમાં ઉપરોક્ત બેંકોના સીઈઓ તેમજ અધિકારીશ્રીઓ કર્મચારી સહિત 90 થી વધુ તાલીમાર્થીઓએ ભાગ લીધેલ અને વિષય અંતર્ગત માહિતીઓ મેળવેલ. સેમિનારનું શાબ્દિક સ્વાગત જૂનાગઢ જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી રાજયભાઈ ઠાકરે કરેલ તેમજ સેમિનાર અંગે પ્રતિભાવ શ્રી સેવારામભાઈ મુલચંદાણી ઓડિટરશ્રીએ આપેલ. આભાર દર્શન મહિલા સીઈઆઈ અવનીબેન ઠાકરે કરેલ. આ કાર્યક્રમનું સંચાલન સીઈઆઈ શ્રીઆશ્લેશભાઈ ત્રિવેદીએ કરેલ.

ઓટોમેટિક વેન્ડિંગ મશીનનું લોકાર્પણ

# મોડાસામાં સાબર ડેરી દ્વારા દૂધ વપરાશકારો માટે અનોખી પહેલ

મોડાસા : અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસામાં સાબર ડેરી દ્વારા દૂધ ઉપભોક્તાઓ માટે અનોખી અને ઉપયોગી પહેલ કરવામાં આવી છે. મોડાસાની જનતાને હવે દિવસ હોય કે રાત, ગમે ત્યારે શુદ્ધ અને તાજું દૂધ સરળતાથી મળી રહે તે હેતુસર શહેરના મુખ્ય વિસ્તારમાં ડુંગરવાડા રોડ ઉપર (ઓટોમેટિક મિલ્ક વેન્ડિંગ મશીન) શરૂ કરવામાં આવ્યું છે. જે અરવલ્લી અને સાબરકાંઠા એમ બંને જિલ્લામાં આ પ્રથમ છે. સાબર ડેરીના સહયોગથી શરૂ આ મિલ્ક એ.ટી.એમ.નું લોકાર્પણ ખાતિમા અમૃત પાર્લર, ડુગરવાડા રોડ, મોડાસા ખાતે સાબરડેરીના ડિરેક્ટર્સ જયંતીભાઈ બી. પટેલ, જશુભાઈ પટેલ, શામળભાઈ એમ. પટેલ, સચિનભાઈ એ. પટેલ, સહિતના આગેવાનોની




ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.આ આધુનિક વ્યવસ્થા દ્વારા નાગરિકોને તાજુ અમૂલ દૂધ, છાસ તથા દહીં એમ.આર.પી. કિંમતે ઉપલબ્ધ થશે. આ મિલ્ક એ.ટી.એમ.માં સંપૂર્ણ સ્વચ્છતા, સુરક્ષા અને ડિજિટલ (ક્યુઆર કોડ) પેમેન્ટની સુવિધા ઉપલબ્ધ છે. ખાસ કરીને વહેલી સવાર, મોડીરાત તેમજ અચાનક જરૂરિયાત સમયે આ સેવા નાગરિકો માટે અત્યંત લાભદાયી સાબિત થશે. નોકરીયાત વર્ગ, વિદ્યાર્થીઓ તેમજ શહેરના સામાન્ય નાગરિકોને સરળ અને ઝડપી સેવા પૂરી પાડતી આ વ્યવસ્થા સાબર ડેરીની ગુણવત્તા પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ બની રહેશે.

ભારતની એટમોસ સહિત 7દેશની કંપનીઓ દ્વારા બીડું ઝડપવામાં આવ્યું

# હવામાંથી પીવાનું શુદ્ધ પાણી બનાવવામાં આવશે:રણની પણ તરસ છીપાવાશે

નવી દિલ્હી : વિશ્વમાં જેમ જેમ વસ્તી વધી રહી છે તેમ તેમ પીવાનાં શુદ્ધ પાણીનું સંકટ વધુ ઘેરું બની રહ્યું છે. વિશ્વનાં કેટલાક દેશો દ્વારા આધુનિક ટેક્નોલોજીની મદદથી આ સમસ્યાને ઉકેલવા માટે પ્રયાસો કરાઈ રહ્યા છે. જુદાજુદા 7 દેશની કંપનીઓએ આ માટે બીડું ઝડપ્યું છે અને AWG એટલે કે એટમોસ્ફેરિક વૉટર જનરેટરનાં નામથી મશીન દ્વારા હવામાંથી શુદ્ધ પીવાનું પાણી બનાવવા પ્રયોગો હાથ ધરાયા છે.

પીવાના પાણીની સમસ્યાને વારંવાર બદલાતા પર્યાવરણ, અનિયમિત વરસાદ તેમજ ભૂગર્ભ જળમાં ઘટાડાએ વધારે વિકટ બનાવી છે. AWG નામનાં આધુનિક મશીન અને ટેકનિકથી હવામાં રહેલા ભેજમાંથી પીવા લાયક પાણી બનાવવામાં આવી રહ્યું છે. જ્યાં પીવાનાં પાણીની સમસ્યા વધારે છે તેવા રણ વિસ્તાર માટે આ ટેકનીક વરદાન સાબિત થઈ શકે છે.

### કઈ કંપનીઓએ બીડું ઝડપ્યું?

- અમેરિકાની AirJoule
- ઓસ્ટ્રેલિયાની Aqua Ubique
- સ્વીડનની Untap
- ભારતની ATMOS
- અમેરિકાની AERstream
- દુબઈની Hydrexa
- અમેરિકાની ExaWater

### પીવાનાં પાણીની સમસ્યા ઉકેલી શકાશે?

નવી આધુનિક ટેકનિકથી શું પીવાનાં પાણીની સમસ્યા ઉકેલી શકાશે? સાત દેશોની કંપનીઓએ એટલું તો પૂરવાર કર્યું છે કે પીવાનાં પાણીની સમસ્યા ઉકેલી શકાય તેવી રીતે એન્જિનિયરિંગને લગતો એક પડકાર છે. MOF ટેક્નોલોજી હોય કે સૌર ઉર્જાથી ચાલતી સિસ્ટમ હોય કે પછી AC સાથે સંલગ્ન સિસ્ટમ હોય દરેક સ્ટાર્ટઅપ પાણીની અછતને દૂર કરવા પ્રયાસો કરી રહ્યા છે. જેમ જેમ પાણીની સમસ્યા વધશે તેમ તેમ AWG ટેક્નોલોજીનો ઉપયોગ પણ વધશે.

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈએ ફ્લાવર શો ખૂલ્લો મૂક્યો : રિવરફ્રન્ટ પર ફ્લાવર શોના પ્રારંભ સાથે જ બે વર્લ્ડ રેકોર્ડ સર્જાયા

અમદાવાદ : સાબરમતી નદી કિનારે રિવરફ્રન્ટ ખાતે 14માં ઈન્ટરનેશનલ ફ્લાવર શોનો મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રારંભ કરાવ્યો તે સાથે જ ફ્લાવર મંડલા અને સરદાર વલ્લભભાઈ પટેલના ફૂલ ચિત્રને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પ્રાપ્ત થતાં મ્યુનિ.



ફ્લાવર મંડલા અને સરદાર પટેલના ફ્લાવર પોટ્રેટને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન સાથે સતત ત્રીજા વર્ષે વર્લ્ડ રેકોર્ડની હેટ્રિક

એ સતત ત્રીજા વર્ષે વર્લ્ડ રેકોર્ડની હેટ્રિક નોંધાવી હતી.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રિવરફ્રન્ટના ફ્લાવર ગાર્ડન અને ઈવેન્ટ સેન્ટર ખાતે આયોજિત ફ્લાવર શો-2026નું ઉદઘાટન કરીને ફ્લાવર શોમાં વિવિધ પ્રતિકૃતિ નિહાળી હતી, ખાસ કરીને ફ્લાવર મંડલા અને સરદાર વલ્લભભાઈ પટેલના ફ્લાવર પોટ્રેટ ખાતે તેમણે વિગતવાર માહિતી મેળવી હતી.

ત્યારબાદ મુખ્યમંત્રીએ સ્ત્રી સશક્તિકરણ થીમ ઉપર તૈયાર કરાયેલાં વિશિષ્ટ 15 ફૂટ ઊંચા સ્ટીલના પિરામીડ શિલ્પનું પણ અનાવરણ કર્યું હતું.

રાજ્યના ઊર્જામંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ તેમજ શહેરી વિકાસ રાજ્યમંત્રી દર્શનાબેન વાઘેલા તથા મેયર પ્રતિભાબેન જૈન, ડે.મેયર જતીનભાઈ પટેલ, સ્ટે. કમિટી ચેરમેન દેવાંગભાઈ દાણી, પક્ષનેતા ગૌરાંગભાઈ પ્રજાપતિ, દંડક શીતલબેન ડાગા, કમિશનર બંછાનિધિ પાની, રિવરફ્રન્ટના ચેરમેન આઈ.પી.ગૌતમ તથા ધારાસભ્યો અને કોર્પોરેટરો સાથે ફ્લાવર શોનું નિરીક્ષણ કર્યું હતું.

ફ્લાવર શોના ઉદઘાટન બાદ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડના પ્રતિનિધિઓએ ફ્લાવર મંડલા તેમજ સરદાર પટેલના ફૂલ ચિત્રનું માપ લઈને વર્લ્ડ રેકોર્ડ જાહેર કર્યા હતા.

**ફ્લાવર મંડલા અને સરદાર પટેલના ફૂલે ચિત્ર વોર્ડમાં ક્વી રીતે સ્થાન મળ્યું :**

રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે તૈયાર કરાયેલાં ફ્લાવર મંડલાનુ ડિફરેન્શીયલ ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ ટેકનોલોજી દ્વારા ચોકક્સ માપ લેવામાં આવ્યુ હતું. ફ્લાવર વિસ્તાર મંડલાનો વ્યાસ 33.6 મીટર અને ફુલ વિસ્તાર 886.789 ચો.મીટર નોંધવામાં આવ્યો છે. અગાઉ 706.86 ચોરસ મીટરના ફ્લાવર મંડલાને ગિનિસ બુકમાં સ્થાન પ્રાપ્ત થયું હતું. તેવી જ રીતે સરદાર વલ્લભભાઈ પટેલના ફ્લાવર પોટ્રેટની કુલ લંબાઈ 41.17 મીટર, પહોળાઈ 8 મીટર અને કુલ વિસ્તાર 329.360 ચો.મીટર નોંધાયો છે અને તેના આધારે વર્લ્ડ લાર્જેસ્ટ ફ્લાવર પોટ્રેટ તરીકે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પ્રાપ્ત થયું છે. આ પોટ્રેટનું ટોટલ સ્ટેશન સર્વે અને મેઝરીંગ ટેપ દ્વારા માપણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મ્યુનિ.હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, મ્યુનિ. દ્વારા યોજવામાં આવતાં ફ્લાવર શોમાં છેલ્લા ત્રણ વર્ષથી વર્લ્ડ રેકોર્ડ નોંધાઈ રહ્યાં છે, તેનાથી દેશવિદેશમાં અમદાવાદ અને ગુજરાતની નામના થઈ છે.

રાજ્યપાલે ભૂખલા ખાતે બનાસ બાયો-સીએનજી પ્લાન્ટનું લોકાર્પણ કર્યું

# ગોબર આધારિત બાયો-સીએનજી પ્લાન્ટ પર્યાવરણ સંરક્ષણમાં મહત્વની ભૂમિકા ભજવશે

પાલનપુર : બનાસકાંઠાના વિકાસમાં એક નવો અને મહત્વપૂર્ણ અધ્યાય ઉમેરાતાં વડગામ તાલુકાના ભૂખલા ખાતે બનાસ ડેરી દ્વારા સ્થપાયેલ બનાસ બાયો-સીએનજી બનાસ મોડેલ પ્લાન્ટનું રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતએ તકતી અનાવરણ કરીને લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે રાજ્યપાલએ બાયોગેસ પ્લાન્ટની મુલાકાત લઈને વેસ્ટેજ બટાકાના ઉપયોગ, કુદરતી ખાતર બનાવવાની પ્રક્રિયા તેમજ ગેસ શુધ્ધિકરણ યુનિટ સહિત પ્લાન્ટની કાર્યપદ્ધતિ અંગે માહિતી મેળવી હતી. આ પ્રસંગે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી જ ધરતી, ખેડૂત અને આવનાર પેઢીના સ્વસ્થ ભવિષ્યની સાચી દિશા છે.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, બનાસકાંઠાની ધરતી પરથી દેશની શ્વેત ક્રાંતિની શરૂઆત થઈ હતી અને આજે એ જ ધરતી પરથી ગોબર આધારિત નવી ક્રાંતિની શરૂઆત થઈ રહી છે. આ પ્રસંગે કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આ બાયો-સીએન પ્લાન્ટ થકી ગ્રામ્ય અર્થતંત્રને નવી ગતિ મળશે.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે પોતાના જન્મ દિવસની ઉજવણી ખેડૂતોની સાથે કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને પુસ્તકો ભેટ કર્યા હતા અને ખેડૂતોને પ્રાકૃતિક ખેતી પધ્ધતિ અપનાવવા આહવાન કર્યું



હતું. સુઝુકી ઈન્ડિયા અને એશિયાની સૌથી મોટી બનાસ ડેરીના સંયુક્ત ઉપક્રમે બનાસકાંઠાના વડગામ સ્થિત ભૂખલા ખાતે બાયો-સીએનજી કાર્યરત કરાયો છે. આ બાયોગેસ પ્લાન્ટ દરરોજ અંદાજે 1 લાખ કિલો ગાયના છાણનું પ્રોસેસિંગ કરે છે અને દરરોજ 1900 કિલો બાયો-સીએનજીનું ઉત્પાદન કરે છે. ઓનસાઈટ સીએનજી પંપ દ્વારા બાયો-સીએનજી બજારભાવ કરતાં રૂ. 2 ઓછા દરે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. પ્લાન્ટમાંથી ઉત્પન્ન થતી સ્લરીમાંથી "ભૂમિ અમૃત" નામના પ્રમાણિત ઘન તથા પ્રવાહી કાર્બનિક ખાતરો તૈયાર કરવામાં આવે છે.

**કાનપુર ગામે ખાટલા પરિષદ યોજાઈ:**

બનાસકાંઠા જિલ્લાના કાનપુરા ગામે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં ખાટલા પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે રાજ્યપાલએ ગ્રામજનોને સંબોધતાં વૃક્ષારોપણ, સામાજિક સમરસતા, સ્વચ્છતા-સફાઈ અભિયાન તથા નશામુક્તસમાજનાનિર્માણ માટે સાથે મળીને સંકલ્પ લેવા આહ્વાન કર્યું હતું.

ICAના ડિજી જેરોન ડગ્લસનું વૈશ્વિક સહકારી આહ્વાન

# બદલાતા વૈશ્વિક પરિદશ્યમાં સહકારી મોડેલ સમાવેશક આર્થિક વિકલ્પ બની રહ્યું છે

નવી દિલ્હી / બ્રસેલ્સ — ઈન્ટરનેશનલ કો-ઓપરેટિવ એલાયન્સ (ICA)ના ડાયરેક્ટર જનરલ શ્રી જેરોન ડગ્લસે 2026ના આરંભ પૂર્વે સહકારી આંદોલન માટે દિશાદર્શક સંદેશ આપતાં જણાવ્યું છે કે બદલાતા વૈશ્વિક પરિદ્રશ્યમાં સહકારી મોડેલ આજના સમયનો સૌથી વિશ્વસનીય અને સમાવેશક આર્થિક વિકલ્પ બની રહ્યું છે. તેમણે જણાવ્યું કે વિશ્વ પરંપરાગત વ્યવસ્થાથી બહુધ્રુવીય માળખા તરફ આગળ વધી રહ્યું છે, જ્યાં ભૂ-રાજકીય તણાવો અને શક્તિ આધારિત વ્યવસ્થાઓ વૈશ્વિક એકતાને પડકાર આપી રહી છે. આવા સંજોગોમાં સહકારી આંદોલન લોકશાહી, સમાવેશ અને એકતાના મૂલ્યો સાથે વૈશ્વિક સ્થિરતાનું પ્રતિક બની રહ્યું છે.

યુએનના આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ 2025 (IYC2025) બાદ, ગયા ડિસેમ્બરમાં સંયુક્ત રાષ્ટ્રમાં લેવામાં આવેલા ઐતિહાસિક નિર્ણયનો ઉલ્લેખ કરતાં શ્રી ડગ્લસે જણાવ્યું કે હવે દરેક દાયકામાં એક વૈશ્વિક આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ ઉજવાશે, જેની શરૂઆત 2035થી થશે. આ નિર્ણયથી ગરીબી નાબૂદી, હવામાન પરિવર્તન સામે પ્રતિરોધકતા અને સમાવેશક વિકાસ જેવા વૈશ્વિક લક્ષ્યો માટે સહકારી મોડેલને કેન્દ્ર સ્થાન મળ્યું છે.

2026 સાથે ICAની 2026–2030 વ્યૂહરચનાનો સત્તાવાર આરંભ થતો હોવાનું જણાવતાં તેમણે 'Practice, Promote અને Protect'ના ત્રણ મુખ્ય સ્તંભો પર આધારિત કાર્યયોજનાની માહિતી આપી. આ વ્યૂહરચના અંતર્ગત સહકારી ઓળખ અને સંસ્કૃતિને આધુનિક બનાવવી, વૈશ્વિક નીતિ ઘડતર પ્રક્રિયામાં સહકારી અવાજ મજબૂત કરવો અને ડેટા



તથા નાણાંના માધ્યમથી સહકારી ક્ષેત્રના વૈશ્વિક આર્થિક પ્રભાવને 2035 સુધીમાં 5 ટ્રિલિયન ડોલર સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.

2026 દરમિયાન યોજાનારી મહત્વપૂર્ણ વૈશ્વિક પ્રવૃત્તિઓની જાણકારી આપતાં તેમણે યુએન કમિશન ફોર સોશિયલ ડેવલપમેન્ટ, ન્યૂયોર્કમાં ICBA/ICA સંયુક્ત પરિષદ, પ્રથમ CM50 લીડર્સ સમિટ, તથા પનામા સિટીમાં યોજાનારી ICA વૈશ્વિક પરિષદ અને જનરલ એસેમ્બલીનો ઉલ્લેખ કર્યો. આ તમામ કાર્યક્રમો સહકારી ક્ષેત્રના નીતિ, નવીનતા અને લોકશાહી નેતૃત્વને નવી દિશા આપશે.

ICA તેના સભ્ય સંગઠનો માટે ડિજિટલ પ્લેટફોર્મ, તાલીમ, સંશોધન અને ક્ષમતા નિર્માણ સેવાઓને વધુ મજબૂત બનાવશે. #coops4dev કાર્યક્રમ હેઠળ ગવર્નન્સ, નેતૃત્વ વિકાસ, યુવા અને લિંગ સમાનતા, તેમજ સંકટગ્રસ્ત વિસ્તારોમાં કાર્યરત સહકારીઓને વિશેષ સહાય આપવામાં આવશે. સાથે જ સહકારી કાયદાનો વૈશ્વિક ખુલ્લો ડેટાબેસ પણ શરૂ કરવામાં આવશે.

અંતમાં, શ્રી ડગ્લસે સહકારી સંસ્થાઓ અને સભ્યોને આહ્વાન કરતાં જણાવ્યું કે સહકારી મોડેલ માત્ર આર્થિક માળખું નથી, પરંતુ લોકો અને ધરતીને પ્રથમ સ્થાન આપતી વૈશ્વિક વ્યવસ્થા છે. તેમણે કહ્યું કે 2030 તરફની યાત્રાના પ્રથમ પાંચ વર્ષ શરૂ થઈ ગયા છે અને એકતાબદ્ધ પ્રયાસો દ્વારા સહકારીઓ વધુ ન્યાયસભર, સ્થિર અને સમાવેશક વિશ્વ રચવામાં અગ્રણી ભૂમિકા ભજવશે.

લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકમાં સહકારી ક્ષેત્રને મજબૂત બનાવવામાં TSUની ભૂમિકા પર ભાર મૂકતા રાષ્ટ્રપતિ

# મજબૂત સહકારી આંદોલનને કારણે ભારત દૂધ ઉત્પાદન ક્ષેત્રે વિશ્વમાં અગ્રેસર : રાષ્ટ્રપતિશ્રી દ્રૌપદી મુર્મુ

ન્યૂ દિલ્હીઃ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ તા. 28 જાન્યુઆરી, 2026ને બુધવારે લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકને સંબોધન કરતાં ભારતના વિકાસમાં સહકારી આંદોલન અને કૃષિ ક્ષેત્રની મહત્વપૂર્ણ ભૂમિકાને ઉજાગર કરી.

રાષ્ટ્રપતિએ જણાવ્યું કે દૂધ ઉત્પાદન ક્ષેત્રે ભારત વિશ્વનો સૌથી સફળ દેશ છે અને આ સિદ્ધિ મજબૂત સહકારી આંદોલનના કારણે શક્ય બની છે. સરકાર કૃષિ, પશુપાલન સહિતના ક્ષેત્રોમાં સહકારિતાઓને મજબૂત બનાવવા માટે સક્રિય પ્રયાસો કરી રહી છે.

ક્ષમતાવર્ધનના મુદ્દે રાષ્ટ્રપતિએ ત્રિભુવન સહકારી યુનિવર્સિટી (TSU) નો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, આ સંસ્થા સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા વ્યક્તિઓને શિક્ષણ અને પ્રગતિની તકો પૂરી પાડે છે. તેમણે ઉમેર્યું કે 10,000થી વધુ ખેડૂત ઉત્પાદક સંસ્થાઓ (FPOs) મારફતે કૃષિ ક્ષેત્રને વધુ સશક્ત બનાવવામાં આવી રહ્યું છે.



ખેડૂતોના મહત્ત્વ પર ભાર મૂકતાં રાષ્ટ્રપતિએ સંત તિરુવલ્લુવરનાં શબ્દો સ્મૃતિમય કર્યા કે, વ્યક્તિ ભલે જે વ્યવસાય કરે, પરંતુ દરેકનું જીવન ખેડૂતોની મહેનત પર આધારિત છે. "વિકસિત ભારતના નિર્માણ માટે સરકારની પ્રથમ પ્રાથમિકતા સમૃદ્ધ ખેડૂત છે," તેમ તેમણે જણાવ્યું.

પીએમ કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ અત્યાર સુધીમાં ખેડૂતોના બેંક ખાતાઓમાં સીધા જ રૂ. 4 લાખ કરોડથી વધુની રકમ જમા કરાવવામાં આવી હોવાનું પણ રાષ્ટ્રપતિએ જણાવ્યું.

તેમણે કહ્યું કે સરકારની નીતિઓના પરિણામે 2024–25 દરમિયાન અનાજ અને બાગાયત પાકોના ઉત્પાદનમાં રેકોર્ડ નોંધાયો છે. સાથે જ, જ્યાં ઉત્પાદન પાછળ રહ્યું છે તેવા પાકોમાં વધારો કરવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ખાદ્ય તેલ, તેલબીજ અને કઠોળ માટેની

અનુસંધાન પાના નંબર : 2

# સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં ભારતીય મહિલા-નેતૃત્વવાળી સહકારી મંડળીઓ કેન્દ્ર સ્થાને

ચેન્નાઈ-ન્યૂયોર્ક : તા. 2 થી 10 ફેબ્રૂઆરી, 2026 દરમિયાન સંયુક્ત રાષ્ટ્ર સંઘના મુખ્ય કાર્યાલય, ન્યૂયોર્ક ખાતે સામાજિક વિકાસ આયોગ (Commission for Social Development – CSocD)નું 64મા સત્ર યોજાશે. તેમાં ભારતના વર્કિંગ વુમન્સ



ફોરમ (WWF–ઈન્ડિયા) – ઈન્ડિયન કો-ઓપરેટિવ નેટવર્ક ફોર વુમન (ICNW)ને સંયુક્ત રાષ્ટ્રના આ સત્ર દરમિયાન એક ઉચ્ચસ્તરીય ઈવેન્ટ રજૂ કરવા માટે પસંદ કરવામાં આવ્યું છે.

આ સાઈડ ઈવેન્ટ તા. 5 ફેબ્રૂઆરી, 2026ના રોજ ચેન્નાઈ સ્થિત WWF મુખ્યાલયથી વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા યોજવામાં આવશે. તેની મુખ્ય વિષય વસ્તુ "સામાજિક ન્યાય, આર્થિક સશક્તતા અને લિંગ સમાનતાના પ્રેરક તરીકે ગ્રાસરૂટની સહકારી સંસ્થાઓને મજબૂત બનાવવી" રાખવામાં આવી છે. આ સત્ર સંયુક્ત રાષ્ટ્રના આર્થિક અને સામાજિક બાબતોના વિભાગ (UNDESA) દ્વારા અધિકૃત રીતે WWF-ICNWને 75 મિનિટ ફાળવવામાં આવી છે. આ કાર્યક્રમ ભારતીય મહિલા નેતૃત્વવાળી સહકારી સંસ્થાઓ માટે વૈશ્વિક સ્તરે એક મહત્વપૂર્ણ માન્યતા છે.

સંયુક્ત રાષ્ટ્રની આર્થિક અને સામાજિક પરિષદ (ECOSOC)માં સલાહકાર દરજ્જો ધરાવતી WWF-ICNWએ આ પસંદગીને સંયુક્ત રાષ્ટ્ર પ્રણાલીની સાથે તેના ત્રણ દાયકાથી વધુ સમયના જોડાણમાં એક ગૌરવપૂર્ણ સિદ્ધિ ગણાવી છે. CSocD64 દરમિયાન આ પ્રકારની માન્યતા પ્રાપ્ત કરનાર WWF-ICNW વિશ્વનું એકમાત્ર સહકારી નેટવર્ક છે, જે દર્શાવે છે કે ગ્રાસરૂટ સ્તરની મહિલાઓની સહકારી સંસ્થાઓને હવે વૈશ્વિક સ્તરે સમાવેશી વિકાસના મહત્વપૂર્ણ સ્તંભ તરીકે માન્યતા મળી રહી છે.

CSocD64 દરમિયાન કુલ 45 સાઈડ

અનુસંધાન પાના નંબર : 2

મતદાર યાદી વિશેષ સુધારણા અભિયાન વચ્ચે રાજ્ય સરકારે સહકારી મંડળીઓની ચૂંટણી પર સ્થગિતી જાહેર કરી

# SIRની કામગીરીને કારણે ગુજરાતમાં સહકારી ચૂંટણી છ માસ માટે મુલતવી

ગાંધીનગરઃ ગુજરાત સરકારે રાજ્યભરની નિર્ધારિત સહકારી સંસ્થાઓની મેનેજિંગ કમિટીઓ માટેની ચૂંટણી છ માસ માટે મુલતવી રાખવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય ગુજરાત સહકારી સંસ્થાઓ અધિનિયમ, 1961 હેઠળ આપવામાં આવેલી છૂટ અનુસાર લેવામાં આવ્યો છે. રાજ્યપાલના નામે જારી કરાયેલી સત્તાવાર સૂચનાથી આ નિર્ણય તાત્કાલિક અમલમાં આવ્યો છે. સૂચના મુજબ, સામાન્ય રીતે અધિનિયમની કલમ 74(G) તેમજ કલમ 145(A)થી 145(V) હેઠળ યોજાતી નિર્ધારિત સહકારી સંસ્થાઓની ચૂંટણી હાલ પૂરતી સ્થગિત રાખવામાં આવી છે. રાજ્ય સરકારે અધિનિયમની કલમ 161 હેઠળ મળતી વિશેષ સત્તાનો ઉપયોગ કરી સૂચના જારી થયાની તારીખથી છ માસ માટે તમામ આવી સંસ્થાઓને આ જોગવાઈઓમાંથી મુક્તિ આપી છે.

આ નિર્ણયથી અમરેલી, સુરત અને રાજકોટ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો (DCCB) સહિત અનેક જિલ્લાકક્ષાની સહકારી બેંકોને રાહત મળવાની સંભાવના છે, જ્યાં બોર્ડનો કાર્યકાળ ટૂંક સમયમાં પૂર્ણ થવાનો છે. ચૂંટણી મુલતવી રહેતાં હાલના બોર્ડ્સ છ માસની મુદત પૂરી થાય ત્યાં સુધી તેમના નિર્ધારિત કાર્યકાળ બાદ પણ ચાલુ



રહી શકે છે. રાજ્ય સરકારે આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ મતદાર યાદીની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયાને દર્શાવ્યું છે. અધિકારીઓએ જણાવ્યું છે કે રાજ્યભરમાં ચાલી રહેલી વિશાળ મતદાર ચકાસણી અને સુધારણા કામગીરીને કારણે રાજસ્વ તંત્ર ખૂબ વ્યસ્ત રહ્યું છે. સહકારી સંસ્થાઓની ચૂંટણી યોજવાની જવાબદારી ધરાવતા રાજસ્વ અધિકારીઓ હાલ મોટાભાગે SIR સંબંધિત વહીવટી કામગીરીમાં વ્યસ્ત છે. મતદાર યાદી સુધારણા પ્રક્રિયાની મહત્વતા અને સમયમર્યાદાને ધ્યાનમાં રાખીને સહકારી ચૂંટણી એકસાથે યોજવી વહીવટી રીતે મુશ્કેલ હોવાનું સરકારનું માનવું છે. આ મુલતવી રાખવાનો નિર્ણય બંને કાયદેસર જવાબદારીઓ નિષ્પક્ષતા અને ચોકસાઈ સાથે પૂર્ણ થાય તે હેતુથી લેવામાં આવ્યો હોવાનું જણાવાયું છે.

સૂચનામાં સ્પષ્ટ કરાયું છે કે આ છ માસની છૂટ તે તમામ નિર્ધારિત સહકારી સંસ્થાઓ પર લાગુ પડશે, જ્યાં ચૂંટણી બાકી છે અથવા આ અવધિ દરમિયાન શરૂ થવાની છે. જોકે, અદાલતી આદેશો અથવા ન્યાયિક ચુકાદાઓના કારણે જ્યાં ચૂંટણી પ્રક્રિયા પહેલેથી શરૂ થઈ ગઈ છે અથવા શરૂ કરવી ફરજિયાત છે, તેવી સંસ્થાઓને આ છૂટમાંથી બહાર રાખવામાં આવી છે. આવા કિસ્સાઓમાં અદાલતના નિર્દેશ મુજબ ચૂંટણી યોજાશે.

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi, Owner : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Published From : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Printed at : Bhaskar Printing Press, Survey No. 148-P, Near Naagdevta Temple, Changodar-Bavla Highway, Ta. Sanand, Dist. Ahmedabad, Gujarat.
SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and Ahmedabad unaccountable L1 on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 Published on 05-02-2026